આર્થિક સહાયતા અરજી, આર્થિક સહાયતા નીતિ, સરળ ભાષામાં સાર અને બિલિંગ અને વસૂલીની નીતિની મફત નકલ અંગ્રેજી, સ્પેનિશ અને આર્થિક સહાયતા અરજીમાં વર્ણવવામાં આવેલા માપદંડોને પૂરા કરતી અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે અને તે નીચે મુજબ મેળવી શકાય છે:

- હૉસ્પિટલના પ્રવેશ/ નોંધણી વિભાગનો સંપર્ક કરીને
- 281.312.4012 અથવા 281.312.4000 પર કૉલ કરીને, વિકલ્પ 5
- તો : ટપાલ દ્વારા અરજી મંગાવીને:
  Attn: Financial Assistance
  300 Kingwood Medical Drive
  Kingwood, TX 77339
- Memorial Hermann Surgical Hospital Kingwoodની વેબસાઇટ પરથી અરજીપત્રક ડાઉનલોડ કરીને:
  http://www.memorialhermannkingwood.com/financial-assistance-program/

## Memorial Hermann Surgical Hospital Kingwood

તમે આર્થિક સહાયતા, મેડિકેઇડ, મેડિકેર અથવા અન્ય કાર્યક્રમો માટે લાયક છો કે નહિ તે જાણવા અને અરજી કરવામાં મફત ગોપનીય સહાયતા મેળવવા માટે સંપર્ક કરો:

**Patient Business Services**
**(પેશન્ટ બિઝનેસ સર્વિસીઝ)**
Attention: Financial Assistance
300 Kingwood Medical Drive
Kingwood, TX 77339

ફોન: 281.312.4012 અથવા
281.312.4000 પર કૉલ કરીને, વિકલ્પ 5

શુક્રવાર: સવારે 8 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી
સોમવારથી ગુરૂવાર: સવારે 8 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી

સંસ્કરણ તારીખ: 01 ઑક્ટોબર 2018

MEMORIAL HERMANN

4412318

# દર્દી માટે આર્થિક સહાયતાનો સાર

## સરળ ભાષામાં સાર



### અગત્યના પ્રશ્નોના જવાબો:

- કઈ સેવાઓને આવરી લેવામાં આવે છે?
- હું સહાયતા માટે કઈ રીતે અરજી કરું?
- સહાયતા માટે કોણ લાયક સાબિત થાય છે?
- આવકની મર્યાદાઓ શું છે?
- હું આવકની મર્યાદાઓના માપદંડ પર યોગ્ય સાબિત ન થતો/થતી હોઉં તો?
- હું અરજી કરવા માટે અરજીપત્રક ક્યાંથી મેળવી શકું?

MEMORIAL HERMANN

# આર્થિક સહાયતા નીતિ (FAP)

Memorial Hermann Surgical Hospital Kingwood ઉદય પામી રહેલી અથવા તબીબી રીતે જરૂરી હૉસ્પિટલની સંભાળ આવક, કુટુંબના કદ અને સંઘીય ગરીબી સ્તરના આધારે પાત્ર દર્દીઓને આંશિક રીતે અથવા પૂર્ણત: રાહતદરે આર્થિક સહાયતાનો પ્રસ્તાવ આપે છે. આર્થિક સહાયતા મેળવવા ઇચ્છતા દર્દીઓએ કાર્યક્રમ માટે અરજી કરવાની રહેશે, જેનો સાર આ દસ્તાવેજમાં આપ્યો છે.

## કઈ સેવાઓને આવરી લેવામાં આવે છે?

આર્થિક સહાયતા નીતિ (FAP) Memorial Hermann Surgical Hospital Kingwood ખાતે પૂરી પાડવામાં આવતી કટોકટીની અને તબીબી રીતે જરૂરી સેવાઓને આવરી લે છે.

આર્થિક સહાયતા નીતિમાં આ બાબતોનો સમાવેશ થતો નથી: કૉસ્મેટિક વિધિઓ, એવા ફિઝિશિયનો અને અન્ય પ્રદાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ જેઓ Memorial Hermann Surgical Hospital Kingwood ખાતે તમારી સારવાર કરે, પરંતુ હૉસ્પિટલ દ્વારા જેમને નોકરી પર રાખવામાં આવ્યા ન હોય, અથવા એવા પ્રદાતાઓ કે જેઓ પોતાની સેવાઓ માટે હૉસ્પિટલથી અલગ રીતે બિલ આપે છે.

## કેવી રીતે અરજી કરવી

આર્થિક સહાયતા નીતિ અને અરજી રૂબરૂમાં, ટપાલ, ટેલિફોન અને Memorial Hermann Surgical Hospital Kingwoodની વેબસાઇટ દ્વારા મેળવી શકાય છે. અરજી પૂરી કરો, માંગવામાં આવેલા દસ્તાવેજો સાથે સામેલ કરો અને હૉસ્પિટલના પ્રવેશ/નોંધણી વિભાગને અથવા આ પુસ્તિકાની પાછળ આપેલા સરનામે સુપ્રત કરો.

## આવકની મર્યાદાઓ

લાયકાત સાબિત કરતું એક પરિબળ એ નીચેના કોષ્ટક પર આધારિત આવક છે:

**2019ની ગરીબીના નિર્દેશો**

| કુટુંબ/ઘરમાં સભ્યોની સંખ્યા | વાર્ષિક આવક |
|---|---|
| 1 | $12,490 |
| 2 | $16,910 |
| 3 | $21,330 |
| 4 | $25,750 |
| 5 | $30,170 |
| 6 | $34,590 |
| 7 | $39,010 |
| 8 | $43,430 |

8થી વધુ સભ્યો હોય તેવા કુટુંબો/ઘરો માટે: દરેક વધારાના સભ્ય દીઠ $4,420 ઉમેરો.

## આર્થિક સહાયતા માટે કોણ લાયક સાબિત થાય છે?

આર્થિક સહાયતાની રકમનો આધાર તમારી આવક, કુટુંબના કદ અને સંઘીય ગરીબી સ્તર પર રહેલો છે. સંઘીય ગરીબી સ્તરના 200% કે તેથી ઓછી કૌટુંબિક આવકવાળા દર્દીઓ 100% વળતર મેળવવાના અધિકારી બની શકે છે. સંઘીય ગરીબી સ્તરના 200% થી વધુ કૌટુંબિક આવક ધરાવતા દર્દીઓ વળતર મેળવવાના અધિકારી હોઈ શકે છે.

નીતિમાં આપેલી વિસ્તૃત માહિતી આ લિંક પર જુઓ:
**http://memorialhermannkingwood.com/financial-assistance-program**

લાયક દર્દીઓ પાસેથી ઇમર્જન્સી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે વીમા આરક્ષિત દર્દીઓને આપવામાં આવતી બિલની સામાન્ય રકમ (AGB) કરતાં વધારે ચાર્જ લેવામાં આવશે નહિ.

ઓળખના પુરાવા તરીકે તસ્વીરી ઓળખનાં નીચેનાં સ્વરૂપો સ્વીકાર્ય છે:

- રાજ્ય તરફથી ઇસ્યૂ કરાયેલ ડ્રાઇવર લાયસન્સ અથવા ઓળખપત્ર
- વિદ્યાર્થી ઓળખપત્ર
- પાસપોર્ટ (અમેરિકન અથવા વિદેશી)
- યુ.એસ. ઇમિગ્રેશનના દસ્તાવેજ
- વિદેશી કૉન્સ્યુલેટ તરફથી ઇસ્યૂ કરાયેલ ઓળખપત્ર
- ક્રેડિટ કાર્ડ (ફોટા સાથે)